ક્રમાંક:રાપબો/CET/૨૦૨૪/૮૨૨૩-૮૩૧૪

રાજય પરીક્ષા બોર્ડ,
સરકારી પુસ્તકાલય સામે,
સેકટર-૨૧, ગાંધીનગર
તા:૦૩/૧૦/૨૦૨૪

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, તમામ.
જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, તમામ.
શાસનાધિકારીશ્રી, તમામ

વિષય: જ્ઞાનશક્તિ રેસીડેન્સિયલ સ્કુલ્સ, જ્ઞાનશક્તિ ટ્રાયબલ રેસીડેન્સિયલ સ્કુલ્સ, રક્ષાશક્તિ સ્કુલ્સ અને મોડેલ સ્કુલ્સમાં ધોરણ-૬માં પ્રવેશ માટે તેમજ મુખ્યમંત્રી જ્ઞાનસેતુ મેરીટ સ્કોલરશીપ યોજનાની કોમન પ્રવેશ પરીક્ષા (CET) ની તારીખ જાહેર કરવા બાબત.

સંદર્ભઃ- (૧) શિક્ષણ વિભાગના તા.૦૩/૦૩/૨૦૧૪ના ઠરાવ ક્રમાંકઃપીઆરઇ/૧૪૧૦/૩૦૪/ક
(૨) શિક્ષણ વિભાગના તા.૩૧/૦૭/૨૦૨૧ના GR/NO.SSA/1121/267258/CH
(૩) શિક્ષણ વિભાગના તા.૧૯/૦૯/૨૦૨૨ના ઠરાવ ક્રમાંકઃઉમશ/૧૮૨૨/૧૯૫૦/ગ-૧
(૪) શિક્ષણ વિભાગના તા.૧૧/૧૦/૨૦૨૨ના ઠરાવ ક્રમાંકઃસસબ/૧૨૧૭-૫૬૭(પા.ફા.૧)/ગ-૧
(૫) શિક્ષણ વિભાગના તા.૩૦/૦૧/૨૦૨૩ના ઠરાવ ક્રમાંકઃસસઅ/૧૦૨૨/ન.બા./૧૯૨/ન
(૬) શિક્ષણ વિભાગના તા.૦૭/૦૬/૨૦૨૩ના ઠરાવ ક્રમાંકઃસસઅ/૧૦૨૨/ન.બા./૧૯૨/ન
(૭) શિક્ષણ વિભાગના તા.૨૨/૦૯/૨૦૨૩ના સુધારા ઠરાવ ક્રમાંકઃસસબ/૧૨૧૭/૫૬૭(પા.ફા.૧/ગ.૧
(૮) શિક્ષણ વિભાગના તા.૨૧/૧૦/૨૦૨૩ના સુધારા ઠરાવ ક્રમાંકઃસસઅ/૧૦૨૨/ન.બા./૧૯૨/ન

શ્રીમાન,

ઉપરોક્ત વિષયના અનુસંધાને જણાવવાનું કે, સંદર્ભના શિક્ષણ વિભાગના ઠરાવ અન્વયે શિક્ષણ વિભાગ દ્વારા શૈક્ષણિક વર્ષ ૨૦૨૫-૨૬ માટે જ્ઞાનશક્તિ રેસીડેન્સિયલ સ્કુલ્સ, જ્ઞાનશક્તિ ટ્રાયબલ રેસીડેન્સિયલ સ્કુલ્સ, રક્ષાશક્તિ સ્કુલ્સ અને મોડેલ સ્કુલ્સમાં ધોરણ-૬માં પ્રવેશ તેમજ મુખ્યમંત્રી જ્ઞાનસેતુ મેરીટ સ્કોલરશીપ યોજના માટેની કોમન પ્રવેશ પરીક્ષા (CET) રાજય પરીક્ષા બોર્ડ દ્વારા તા.૨૨/૦૩/૨૦૨૫ના રોજ યોજાનાર છે.

સરકારી અને ગ્રાન્ટેડ શાળાઓમાં ધોરણ-૧ થી ૫ નો અભ્યાસક્રમ પૂર્ણ કરનાર તેમજ ધોરણ-૫માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને ઉકત યોજનાની શાળાઓમાં જુન-૨૦૨૫માં ધોરણ-૬માં કોમન પ્રવેશ પરીક્ષાના મેરીટના આધારે પ્રવેશ તથા મુખ્યમંત્રી જ્ઞાનસેતુ મેરીટ સ્કોલરશીપ (ધોરણ-૬ થી ૧૨ના અભ્યાસ માટે) કોમન પ્રવેશ પરીક્ષાના મેરીટને આધારે આપવામાં આવશે.

સ્વનિર્ભર શાળાઓમાં ધોરણ-૫ નો અભ્યાસ પૂર્ણ કરનાર અને હાલ ધોરણ-૫માં અભ્યાસ કરતા વિદ્યાર્થીને રક્ષાશક્તિ સ્કુલ્સ (કુલ બેઠકના ૨૫% ની મર્યાદામાં) તેમજ પોતાના જ તાલુકાની મોડેલ સ્કુલ્સમાં ધોરણ-૬માં પ્રવેશ માટે આ કોમન પ્રવેશ પરીક્ષા (CET)ના મેરીટના આધારે પ્રવેશ મેળવી શકશે.

રાજય સરકાર દ્વારા આ રેસીડેન્સિયલ સ્કુલ્સમાં વિદ્યાર્થી વિનામૂલ્યે ધોરણ-૬ થી ૧૨ નું શિક્ષણ, રહેવા-જમવાની અદ્યતન સુવિધા સાથે મળનાર છે. તેમજ મુખ્યમંત્રીશ્રી જ્ઞાનસેતુ મેરીટ સ્કોલરશીપ (ધોરણ- ૬ થી ૧૨ ના અભ્યાસ માટે) ૩૦૦૦૦ પ્રતિભાશાળી વિદ્યાર્થીઓને આ કોમન પ્રવેશ પરીક્ષા (CET)ના મેરીટના આધારે મળશે.

આપની કક્ષાએથી આપના કાર્યક્ષેત્ર હસ્તકની સર્વે શાળાના આચાર્યશ્રીઓ, શિક્ષકો અને વિદ્યાર્થીઓને આ પરીક્ષા અંગેની જાણ કરવાનું જણાવવામાં આવે છે. આ પરીક્ષાનું વિગતવાર જાહેરનામું બોર્ડની વેબસાઈટ http://www.sebexam.org પર પ્રસિધ્ધ કરવામાં આવશે. તદ્ઉપરાંત છેલ્લા ૨(બે) વર્ષમાં લેવાયેલ કોમન એન્ટ્રન્સ ટેસ્ટ (CET)ના વર્ષવાર અને માધ્યમવાર પ્રશ્નપત્રોની PDF ફાઇલો રાજય પરીક્ષા બોર્ડની વેબસાઇટ http://www.sebexam.org પર વિદ્યાર્થીઓને મહાવરો થાય તે સબબ મુકવામાં આવેલ છે. જેની નોંધ લેવી.

વધુમાં જણાવવાનું કે, આગામી વર્ષે લેવાનાર કોમન એન્ટ્રન્સ ટેસ્ટ (CET) પરીક્ષાના ધોરણ-પના વિદ્યાર્થીઓ માટે ગત્ વર્ષની જેમ શૈક્ષણિક વિડીઓનું પ્રસારણ વિદ્યા સમીક્ષા કેન્દ્ર, (VSK) ના સ્ટુડિયો દ્વારા બાયસેગ નેટવર્કના માધ્યમથી નીચેની ચેનલ પર પ્રસારણ કરવામાં આવશે. જેની તારીખ અને સમયની જાણ અલાયદી કરવામાં આવશે.

1. વંદે ગુજરાત ચેનલ નંબર-પ (બાયસેગ ડીશ અથવા JIO TV)
2. યુ ટયુબ ચેનલ (લાઇવ) GujaratEclass

<u>કોમન એન્ટ્રન્સ ટેસ્ટ (CET) પરીક્ષાની પૂર્વતૈયારીથી થનાર ફાયદાઓઃ-</u>

- આ પરીક્ષામાં મેરીટમાં આવતા વિદ્યાર્થીઓને જ્ઞાનશક્તિ રેસીડેન્સિયલ સ્કુલ્સ, જ્ઞાનશક્તિ ટ્રાયબલ રેસીડેન્સિયલ સ્કુલ્સ, રક્ષાશક્તિ સ્કુલ્સ અને મોડેલ સ્કુલ્સ શાળાઓમાં ધોરણ-૬માં પ્રવેશ (ધોરણ-૬ થી ૧૨ અભ્યાસ માટે) તેમજ મુખ્યમંત્રી જ્ઞાનસેતુ મેરીટ સ્કોલરશીપ અંતર્ગત ૩૦૦૦૦ તેજસ્વી વિદ્યાર્થીઓને ધોરણ-૬ થી ૧૨ સુધીના અભ્યાસ માટે સ્કોલરશીપનો લાભ મળશે.
- ધોરણ-પના તમામ બાળકો પણ આ પરીક્ષાની તૈયારી કરશે તેથી તેમની શૈક્ષણિક પ્રગતિ થશે અને વિષયવાઈઝ લર્નિંગ આઉટકમ એચિવ કરશે.
- આ પરીક્ષાની તૈયારીથી તેમનામાં સ્પર્ધાત્મક પરીક્ષા માટેનો મહાવરો થશે.
- ભવિષ્યમાં બોર્ડની પરીક્ષા પણ આત્મવિશ્વાસ સાથે આપી શકશે.
- HOT (હાયર ઓર્ડર થીકીંગ) પ્રકારના પ્રશ્નો વિદ્યાર્થીઓની તાર્કિક ક્ષમતામાં વધારો કરશે.

આપને વિનંતી છે કે દરેક શાળાના આચાર્યશ્રીઓ, શિક્ષકમિત્રોના પ્રયત્નોથી વધારેમાં વધારે વિદ્યાર્થીઓ તૈયારી સાથે આ પરીક્ષામાં જોડાય તે સુનિશ્ચિત કરશો.

આપના જિલ્લાના જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનનો સહયોગ લઈ કોમન પ્રવેશ પરીક્ષા (CET)ની તૈયારીનું એક અલગ પ્રકારનું આયોજન થાય તે અપેક્ષિત છે.

આ પરીક્ષાનું માળખું નીચે મુજબનું રહેશે.

- પ્રવેશ પરીક્ષા બહુવિકલ્પ સ્વરૂપની અને વિવિધ હેતુલક્ષી સ્વરૂપની (Multiple Choice Question- MCQ Based) રહેશે.
- પ્રવેશ પરીક્ષાનું પ્રશ્નપત્ર ૧૨૦ ગુણનું તથા સમય ૧૫૦ મિનિટનો રહેશે.
- પ્રવેશ પરીક્ષાનું માધ્યમ ગુજરાતી/અંગ્રેજી ભાષામાં રહેશે.
- પ્રવેશ પરીક્ષા ધોરણ-પના અભ્યાસક્રમ પર રહેશે. જેમાં ગણિત, ગુજરાતી, અંગ્રેજી, હિન્દી અને પર્યાવરણ વિષય તથા તાર્કિક તર્ક ક્ષમતા કસોટી અને સામાન્ય જ્ઞાન વિષય આધારિત પ્રશ્નો રહેશે.

➢ પ્રવેશ પરીક્ષામાં નીચે મુજબના વિષય તથા ગુણભાર રહેશે.

| ક્રમ | વિષય | પ્રશ્નો | ગુણ |
|---|---|---|---|
| ૧ | તાર્કિક ક્ષમતા કસોટી | ૩૦ | ૩૦ |
| ૨ | ગણિત સજ્જતા | ૩૦ | ૩૦ |
| ૩ | પર્યાવરણ | ૨૦ | ૨૦ |
| ૪ | ગુજરાતી | ૨૦ | ૨૦ |
| ૫ | અંગ્રેજી-હિન્દી | ૨૦ | ૨૦ |
| | કુલ | ૧૨૦ | ૧૨૦ |

➢ અભ્યાસક્રમ ધોરણ-૫ નો ઉપરોક્ત વિષયનો રહેશે.

અધ્યક્ષ
રાજ્ય પરીક્ષા બોર્ડ
ગાંધીનગર

બિડાણઃ- વર્ષવાર/માધ્યમવાર પ્રશ્નપત્રો

<u>નકલ સવિનય રવાના જાણ સારૂ</u>

- માન.અગ્ર સચિવશ્રી, (પ્રા.મા.શિક્ષણ) શિક્ષણ વિભાગ, નવા સચિવાલય, ગાંધીનગર.
- માન.નિયામકશ્રી, શાળાઓની કચેરી, વિદ્યા સમીક્ષા કેન્દ્ર, સેકટર-૧૯, ગાંધીનગર.
- માન.નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ, વિદ્યા સમીક્ષા કેન્દ્ર, સેકટર-૧૯, ગાંધીનગર.
- માન.નિયામકશ્રી, ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ, ગુ.રા.,ગાંધીનગર.